**ભારત - એરિટ્રિયા વિદેશ કાર્યાલય પરામર્શની ત્રીજી બેઠક (05 ડિસેમ્બર, 2025)**

06 ડિસેમ્બર, 2025

ભારત અને એરિટ્રિયા વચ્ચે વિદેશ કાર્યાલય પરામર્શ (FOC) ની ત્રીજી બેઠક 5 ડિસેમ્બર 2025 ના રોજ અસ્મારામાં યોજાઈ હતી. ભારતીય પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (WANA), ડૉ. એમ. સુરેશ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું અને એરિટ્રિયાના પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના મહાનિર્દેશક, મહામહિમ રાજદૂત ઇસ્તફાનોસ હાબતેમરિયમ ઘેરેયસ દ્વારા કરવામાં આવ્યું હતું.

2. ચર્ચા દરમિયાન, બંને પ્રતિનિધિમંડળોએ રાજકીય, આર્થિક, ક્ષમતા નિર્માણ, આરોગ્ય, શિક્ષણ, નવીનીકરણીય ઊર્જા, સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિત દ્વિપક્ષીય સંબંધોના સંપૂર્ણ વિસ્તારની સમીક્ષા કરી હતી. બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું હતું. ભારતીય તકનીકી અને આર્થિક સહયોગ અને ICCR શિષ્યવૃત્તિઓ મારફત માનવ સંસાધન વિકાસના મહત્વ પર ભાર મૂકતા, બંને પક્ષોએ આ ભાગીદારીને વધુ મજબૂત અને ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને પક્ષોએ આ આદાનપ્રદાન ચાલુ રાખવા તેમજ સંસ્થાકીય તંત્રની નિયમિત બેઠકો ચાલુ રાખવા આશા વ્યક્ત કરી હતી.

3. આ મુલાકાત દરમિયાન, ડૉ. સુરેશ કુમારે એરિટ્રિયાના વિદેશ મંત્રી મહામહિમ શ્રી ઓસ્માન સાલેહ મોહમ્મદ અને માહિતી મંત્રી મહામહિમ શ્રી યેમને ગેબ્રેમેસ્કેલ સાથે પણ મુલાકાત કરી હતી.

4. બંને પક્ષો નવી દિલ્હીમાં પારસ્પરિક સુવિધાજનક તારીખે વિદેશ કાર્યાલય પરામર્શની આગામી બેઠકને આયોજિત કરવા માટે સંમત થયા હતા.

અસ્મારા

05 ડિસેમ્બર, 2025